**બિડાણઃ** (૧) નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૭.૧૦.૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૫/૯૦/વસુતાપ્ર–૩

(૨) સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૩૧.૧૨.૨૦૧૫નો પત્ર શેરા ક્રમાંકઃ પરચ/ ૧૩૨૦૧૫/૨૫૦૧/મ.૩

**વિષય :** કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા તથા કેન્દ્ર સરકારની નોકરીઓ માટેના તાલીમ વર્ગ માટે ગુજરાતના યુવાધનને તાલીમ આપવાની યોજના બાબત..

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૮૨૯-૮૩૦ /૨૦૧૬.** **તારીખ : ૬/૦૬/૨૦૧૬.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**<u>નકલ સવિનય રવાનાઃ</u>**– અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

**<u>૨/– નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૭.૧૦.૨૦૧૫ ના ઠરાવ માં જણાવેલ વિગત અન્વયે જાણ તથા અમલ થવા સારૂ.</u>**

કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા તથા કેન્દ્ર સરકારની નોકરીઓ માટેના તાલીમ વર્ગ માટે ગુજરાતના યુવાધનને તાલીમ આપવાની યોજના બાબત

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૫/૯૦/વસુતાપ્ર-૩

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૭/૧૦/૨૦૧૫

વંચાણમાં લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૭.૦૯.૯૨ નો ઠરાવ ક્રમાંક: વતભ-૧૦૯૧/ ૨૬૪૦/વસુતાપ્ર - ૩

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૯.૦૯.૦૯ નો ઠરાવ ક્રમાંક: વતભ: ૧૫૨૦૦૮/ ૧૪૮૫૯૨/ વસુતાપ્ર-૩

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૨.૦૨.૧૨ નો ઠરાવ ક્રમાંક: વતભ: ૧૫૨૦૦૮/ ૧૪૮૫૯૨/ વસુતાપ્ર-૩

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૮.૦૪.૧૩ નો ઠરાવ ક્રમાંક: વતભ:૧૩૨૦૧૩/૧૦૧૨/વસુતાપ્ર-૩

આમુખ:-

કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષાઓ માટે ગુજરાતના પ્રતિભાશાળી યુવાધન ભાગ લઇને સ્પર્ધામાં આગળ આવી શકે તે માટે ઉચ્ચ કક્ષાની તાલીમ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ દ્વારા આપવાની યોજના વંચાણમાં લીધા તા.૦૭.૦૯.૯૨ ના ઠરાવથી બહાર પાડવામાં આવી હતી અને આ યોજનામાં વંચાણમાં લીધા (૨) ના તા.૦૯.૦૯.૦૯ ના ઠરાવથી સુધારા કરી નવેસરથી તાલીમ યોજના બહાર પાડેલ હતી. આ ઉપરાંત કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતીની પરીક્ષા માટે તાલીમ આપવા માટે વંચાણમાં લીધા (૪) પરના તા.૧૮.૦૪.૧૩ ના ઠરાવથી સેન્ટ્રલ ગવર્નમેન્ટ રીક્રુટમેન્ટ સ્ટડી સેન્ટરને મંજુરી આપવામાં આવેલ હતી.

કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગમાં (આઇ.એ.એસ. સ્ટડી સેન્ટર) વંચાણમાં લીધા (૩) ના તા. ૨૨.૦૨.૧૨ ના ઠરાવથી તાલીમ વર્ગમાં સામાન્ય - ૪૮, અનુસુચિત જાતિ - ૧૬, અનુસુચિત જન જાતિ -૧૬, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ- ૧૬, શારીરિક વિકલાંગ- ૦૩, અંધ વિકલાંગ- ૦૧ એમ કુલ ૧૦૦ ઉમેદવારોની સંખ્યાનું ધોરણ નક્કી કરવામાં આવેલ.

ઉક્ત ઉમેદવારોની કુલ -૧૦૦ ની સંખ્યાના ધોરણમાં અનામત વર્ગોના પ્રતિનિધિત્વનું વિભાજન રાજયની અનામત નીતિને સુસંગત ન હોઇ સરદાર પટેલ રાજ્ય લોકપ્રશાસન સંસ્થાની તા. ૧૧.૧૨.૧૪ ના રોજ મળેલ બોર્ડ ઓફ ગવર્નન્સની બેઠકમાં કેન્દ્ર સરકારની અનામત નીતિના આધારે અનામત વર્ગોના પ્રતિનિધિત્વ આપવાની દરખાસ્ત કરવામાં આવેલ. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારમાં અનામત વર્ગોના પ્રતિનિધિત્વના ધોરણો અલગ હોઇ, કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગ (આઇ.એ.એસ. સ્ટડી સેન્ટર) તથા કેંદ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતીની પરીક્ષા માટે તાલીમ આપવા માટે સેન્ટ્રલ ગવર્નમેન્ટ રીક્રુટમેન્ટ સ્ટડી સેન્ટરમાં

P. S. AGRI.
No: ૪૬૬૬
Dt. ૨૩/૧૦/૧૭



૨૫૦૧/મ-૩
૨૮-૧૦-૧૫

ગુજરાત સરકારની અનામત નીતિ મુજબ અનામત વર્ગોને પ્રતિનિધિત્વ આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્રિય વિચારણાના અંતે સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગ (આઇ.એ.એસ. સ્ટડી સેન્ટર) અને કેંદ્ર સરકારની કચેરીઓ તથા કેન્દ્રીય જાહેર સાહસોની ભરતીની પરીક્ષા માટે તાલીમ આપવા માટે સેન્ટ્રલ ગવર્નમેન્ટ રીક્રુટમેન્ટ સ્ટડી સેન્ટરમાં ગુજરાત સરકારની અનામત નીતિ મુજબ અનામત વર્ગોને પ્રતિનિધિત્વના ધોરણો લાગુ પાડવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભરત બી. પટેલ)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- -+ મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાશન સંસ્થા, ઇસરો સામે, સેટેલાઇટ, અમદાવાદ.
- નોડલ અધિકારીશ્રી અને નાયબ નિયામકશ્રી (હિસાબ), સરદાર પટેલ લોક પ્રશાશન સંસ્થા, ઇસરો સામે, સેટેલાઇટ, અમદાવાદ.
- -+ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- -+ સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ. અમદાવાદ

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૫/૨૫૦૧/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૧૨/૨૦૧૫

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / કામધેનૂ યુનિવર્સિટી
- સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

➢ ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

upload on web site

A 3 2

3/6

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

કૃષિ સચિવ વિભાગ, ... જ.ક્ર.નં. ૩૯૯૧ 4 JUN 2016 એડીએમ-૩ શાખા

3 JUN 2016